



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**આપણે** તો પ્રભુ પ્રગટ-પ્રત્યક્ષ માનવાની સાધના
રોમ રોમ પ્રભુ પ્રગટાવવાની સાધના
પ્રભુપ્રત્યક્ષનું કર્તાપણું સ્વીકારવાની સાધના
આપણામાં તેવા આ સૌમાં પ્રગટ માનવાની સાધના
પ્રભુના ભાવે સૌની સેવા કરી લેવાની સાધના
તે માટે સમગ્રને દિવ્ય કરી લેવાની સાધના
સર્વ સંબંધવાળાના દાસ બની રહેવાની સાધના !

નૂતનવર્ષ ૨૦૧૯માં મંગલ પ્રવેશ થયો.
વર્ષ ઉત્તમ છે... મંગલ છે તે સ્વીકારીએ
બ્રહ્મજ્યોતિમાં પ્રભુ બિરાજશે... નૂતન મંદિર રચાશે
તે માટે સારુંય વર્ષ સેવા કરી લેવા અવસર પ્રાપ્ત થશે
તન-ઇન્દ્રિયો વપરાશે... નિર્ગુણભાવ પામશે
મન પરોવાશે તો દિવ્ય થઈ જશે
ધન વપરાશે તો અનાસક્ત થઈ જવાશે
આત્મા પ્રવૃત્ત થતાં મંદિર બની જશે...
સમગ્રમાં પ્રભુ બિરાજી જશે... સહજાનંદ પ્રગટશે
આ કલ્પના નથી... બ્રહ્મસ્વરૂપ 'સાહેબજી'નું વરદાન છે.
તેઓને રાજી થવું છે ને સૌને સુખી કરવાં છે
સૌનાં હૈયાં ઉપાસનાના તેજે દેદીપ્યમાન કરવાં છે
સૌને સાધુતાના ગુણે સભર ભરપૂર કરવા છે

તે માટે તેઓની કૃપા અમ પર વરસી છે
તે ઝીલી, સમગ્રને પ્રવૃત્ત કરીએ... સુખી થઈએ
તે ભાવે નૂતનવર્ષને આવકારીએ સ્વીકારીએ
ક્ષણ પણ વ્યર્થ ન જાય તે માટે સજાગ રહીએ
મન છેતરી ન જાય તે માટે સજાગ રહીએ
પ્રભુનું બળ લઈએ...
પ્રાર્થના-ભજનમાં વ્યસ્ત રહીએ
પ્રાપ્તિ કરી જ લેવી છે તે ઉત્સાહથી થનગનીએ
આપણે ઉમંગી તેવા સ્નેહી સંબંધી સર્વને ઉમંગે જોડીએ
તે પ્રભુપ્રત્યક્ષની મોટી સેવા જરૂર માનીએ
સૌ પ્રભુને રાજી કરશે તેનો આનંદ માણી લઈએ.

હે દયાળુ પ્રભુ ! હે પ્રગટ પ્રભુ ! હે પ્રત્યક્ષ પ્રભુ !
અમારી આ પ્રાર્થના સાકાર હો !
સર્વમાં સદા દિવ્ય જોમ ભરો !
અમને આપમાં એકાકાર કરો !
અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ...!
તે શ્વાસે શ્વાસે... સિદ્ધ કરાવો !
સમગ્ર બ્રહ્માંડે વસતાં આપનાં અમ સૌએ
આ પ્રાર્થના ધરી... તે સ્વીકારો !
અમને ધન્ય બનાવો ! ◆



બ્રહ્મજ્યોતિ, ૧૪.૧૨.૨૦૧૮